

# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૫૧ | ઓક્ટોબર- ૨૦૨૩ | પત્ર - ૧૨૨

## 'હબશી ખોજો' પ્રેરિતોના કૃત્યો ૮:૨૬-૪૦

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઉપરોક્ત વાંચન પ્રમાણે હબશી ખોજા અને ફિલિપનો વાર્તાલાપ અને કાર્ય જોવા મળે છે. હબશીના જીવનમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ, વિશ્વાસ અને પ્રભુ પ્રત્યેની ઝંખના જોવા મળે છે.

હબશીના જીવન વિષે જોઈએ તો તે ખૂબ મોભાદાર અને સુખી સંપન જોવા મળે છે. કારણ કે તે અમલદાર અને સઘળા ભંડારનો કારભારી છે. વળી તે રથમાં બેસીને પ્રભુનું ભજન કરવા યરૂશાલેમ આવે છે. આ સર્વ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે તેનું જીવન કેટલું બધું મોભાદાર છે. આવી વ્યક્તિ પ્રભુનું ભજન કરવા માટે આવે છે. તેનામાં પ્રભુ સંગત, ભજન અને પ્રભુને મહિમા આપવાની ઝંખના, આતુરતા જોવા મળે છે. વ્હાલાઓ આપણે સર્વ પ્રભુની કૃપામાં છીએ પરંતુ શું આવી આતુરતા અને ઝંખના રાખીએ છીએ ? પ્રભુની સંગત અને સ્તુતિ-આરાધના માટે હૃદયના ઊંડાણથી આત્મિક રીતે ભાવના રાખીએ છીએ ? હબશી ખૂબ અંતર કાપીને યરૂશાલેમ આવે છે. આજે આપણા પ્રભુ મંદિરો ખૂબ દૂર નથી, સમય પ્રમાણે પ્રભુ મંદિર જઈ શકાય તેમ છે.

હબશીના જીવનની બીજી મહત્ત્વની બાબત એ જોવા મળે છે કે યરૂશાલેમથી ભજન કરીને પાછા વળતાં એ પ્રભુનું વચન વાંચે છે. પ્ર.કૃ. ૮:૨૮ પોતાના જીવનમાં પ્રભુ ભક્તિનો જે આશય અને હેતુ છે તેને વળગી રહે છે. તેનું હૃદય, મન અને વિસ્તાર પ્રભુ તરફ જ છે અને એ બાબતના કારણે તે પાછા વળતાં પ્રભુનું વચન વાંચે છે. વ્હાલાઓ આ બાબત આપણને જણાવે છે કે આપણે પ્રભુનું ભજન કર્યા પછી પણ પ્રભુ સાથે સતત જોડાયેલા રહીએ.

હબશીના જીવનમાં ત્રીજીબાબત એ જોવા મળે છે કે જ્યારે પ્રભુ સાથે આતુરતા અને ઝંખનાથી જોડાયેલા રહીએ છીએ ત્યારે પ્રભુ આત્મિક જીવનની વૃદ્ધિ માટે સહાય કરે છે. હબશી માટે પ્રભુ ફિલિપને મોકલે છે કે તે સમજાવે અને પ્રભુમાં સ્થિર થાય. હબશી પ્રભુ ઈસુ દેવનો દીકરો છે એવું કબૂલ કરી વિશ્વાસ કરે છે. વ્હાલાઓ પ્રભુ સાથે સંગત-ભજન અને વચનમાં જોડાયેલા રહેવાથી પ્રભુ આપણને સ્થિર કરે છે. આજ પ્રમાણે પ્રે.કૃ. ૧૦:૧-૮ વચનો પ્રમાણે કર્નેલ્યસ પ્રભુમાં છે તેને પ્રભુ કહે છે કે યાફાથી પિતરને તેડાવ. પિતર તેઓને પ્રભુની વાત સંભળાવે છે.

વ્હાલાઓ હબશી અમલદાર અને મોભાદાર છે છતાં લાંબુ અંતર કાપી પ્રભુ ભજન માટે ઝંખના રાખે છે અને તેની એ ભાવનાને પકડી રાખે છે ત્યારે તે વિશ્વાસમાં સ્થિર થાય છે. આવો આપણે આવી ભાવના સાથે પ્રભુ સાથેના સંબંધમાં વૃદ્ધિ પામીએ.

## BIRTHDATE IN OCTOBER

- ૩/૧૦ તેજસ્વી આર. ફ્રાન્સીસ
- ૩/૧૦ ખ્રિસ્તી જયશ્રી એસ.
- ૩/૧૦ ખ્રિસ્તી રૂચિત એસ.
- ૭/૧૦ એશલિન એન. ચૌહાણ
- ૭/૧૦ એરિક એન. ચૌહાણ
- ૭/૧૦ આર્નોન ટી. ક્રિશ્ચિયન
- ૮/૧૦ અંકુર એસ. સોલોમન
- ૯/૧૦ રીયાન એસ. માસ્ટર
- ૯/૧૦ વિનોદ એફ. રાઠોડ
- ૧૩/૧૦ પ્રતિમા એ. માસ્ટર
- ૧૫/૧૦ પ્રાર્થન એસ. મેકવાન
- ૧૬/૧૦ નેન્સી એ. મહિડા
- ૧૬/૧૦ સ્નેહાબેન આર. હિવાળે
- ૧૭/૧૦ રોઝમેરી આર. રાઠોડ
- ૧૭/૧૦ એલેક્સ એન. ક્રિસ્ટી
- ૧૮/૧૦ સ્મિતલત્તા આર. ક્રિશ્ચિયન
- ૨૩/૧૦ શર્મિલા એસ. અર્લિક
- ૨૩/૧૦ રાજશ્રી ડી. મેકવાન (U.S.A.)
- ૨૪/૧૦ નોએલ એલ. ક્રિશ્ચિયન
- ૨૫/૧૦ નિલય એમ. ચૌહાણ
- ૨૫/૧૦ દિશા એમ. કાપડીઆ
- ૨૮/૧૦ કમલેશ એ. મસિહી
- ૨૮/૧૦ માર્ટીના ટી. વાઘેલા
- ૨૯/૧૦ પ્રફુલ્લ એ. વિન્સેન્ટ
- ૩૦/૧૦ સંગીતા એન. પરીખ
- ૩૧/૧૦ રાજેશ એસ. ક્રિશ્ચિયન (U.S.A.)
- ૩૧/૧૦ પ્રતિક્ષા એસ. ક્રિશ્ચિયન

## ગત માસના કાર્ય તરફ દ્રષ્ટિપાત

- તા.૨-૯-૨૩ માનનીય ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબની આગેવાનીમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોની પાર્થના સંગત મળી. માનનીય ડિ.સુ. સાહેબે પ્રભુનું વચન આપ્યું. સર્વએ સાથે મળી પ્રાર્થના કરી.
- તા.૩-૯-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. શિક્ષકદિન નિમિત્તે સર્વ શિક્ષકોનું ગુલાબ આપી સન્માન કરવામાં આવ્યું. સન્ડેસ્કૂલના બાળકોએ 'હેપ્પી ટીચર્સ ડે' લખેલા સુંદર કાર્ડ બનાવી શિક્ષકોને આપ્યા. શિક્ષકોને પ્રાર્થના સહ શુભેચ્છા આપવામાં આવી.
  - ભજનસેવા બાદ સન્ડેસ્કૂલના બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો. સન્ડેસ્કૂલ સુપ્રિટેન્ડેન્ટ અને શિક્ષકો તથા બાળકોનો આભાર.
  - સ્થાનિક મહિલા મંડળ આયોજીત ન્યાયાધીશોના પુસ્તક આધારિત લેખિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી. પાસ્ટોરેટ કમિટી મળી.
- તા. ૭-૯-૨૩ના રોજ મેથોડિસ્ટ ચર્ચ ગાંધીનગરમાં પાસ્ટોરેટ કમિટીના સેમિનારમાં સ્થાનિક ચર્ચના ૯ કમિટી સભ્યો સાથે હાજરી આપી. આ સેમિનારમાં ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબ, રેવ. વિજય મેકવાન સાહેબ અને ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ એનન રોઝિયા સાહેબે વચનની સેવા આપી હતી.
- તા. ૧૦-૯-૨૩ રવિવારની ભજનસેવામાં 'આત્મહત્યા નિવારણ અભિયાન' સંદર્ભે હિબ્રુ ૧૨:૧-૨ વચન પ્રમાણે વચન આપ્યું.
- તા. ૧૭-૯-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી.
- તા. ૨૪-૯-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી.
  - સ્થાનિક લે-સમિતિ મળી અને આગામી લે-સપ્તાહનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો.
  - અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ મહિલા મંડળ આયોજીત ગીત-સ્પર્ધામાં સ્થાનિક મહિલા મંડળે ભાગ લીધો. જેમાં સ્થાનિક મેથોડિસ્ટ ચર્ચ શાહપુર, મહિલા મંડળનો પ્રથમ નંબર આવ્યો. ભાગ લેનાર સર્વ બહેનોને ખૂબ અભિનંદન. વાજીંત્ર વગાડનાર જોય અને ક્રિસ્ટોફરનો આભાર.
  - આ ભજનસેવામાં શ્રી સુનિલભાઈ કે. મેકવાન યુ.એસ.એ. જતા હોવાથી બુકે આપી શુભેચ્છા સહ પ્રાર્થના કરવામાં આવી.
- તા. ૩૦-૯-૨૩ના રોજ ગુજરાત રીજીનલ કોન્ફરન્સ કક્ષાએ મહિલા મંડળ આયોજીત ગીત-મહોત્સવમાં સ્થાનિક મહિલા મંડળે ભાગ લીધો હતો.
- દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવવામાં આવી હતી. જેમાં વચન આધારિત ટૂંક અભ્યાસ કરાવી જરૂરિયાત પ્રમાણે પ્રાર્થના કરવામાં આવી હતી.

### જાહેરાતો :

- સુવર્ણ મહોત્સવ પ્રસંગે શુભેચ્છા દાન ઉદારતાથી આપશો તથા આપના સ્નેહીમિત્રો પાસેથી પણ લાવશો.
- રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો.
- દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
- ચર્ચ સેવાઓને આપની પ્રાર્થનામાં યાદ રાખશો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી આર્થરભાઈ એ. પેટ્રીક | બર્થડે | ૨૦૦ |
| ૨. | શ્રીમતી પ્રતિક્ષાબેન એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| ૩. | શ્રીમતી જેનીફર બોરકર | બર્થડે | ૫૦૦ |
| ૪. | શ્રી રાજ એસ. શાહ | બર્થડે | ૧૦૦૦ |
| ૫. | કુ. જીનલ સી. વરસડા | બર્થડે | ૩૦૦ |
| ૬. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૭. | શ્રી ક્રિસ્ટોફર એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૮. | શ્રી એમ્બ્રોઝ એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૯. | શ્રી રાજ એસ. શાહ | ચર્ચ મે. | ૧૦૦ |
| ૧૦. | શ્રી જીમી એસ. ડેવિડ | વર્ષગાંઠ | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી જુલીયેટ ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૨. | ટ્વીંકલ ક્રિસ્ટી | આ.સ્તુ. | ૩૦૦૦ |
| ૧૩. | રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૪. | શ્રીમતી શશીબેન એસ. પરમાર | બર્થડે | ૧૦૦૦ |
| ૧૫. | શ્રી સુલેમાન એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૬. | શ્રી સુનિલભાઈ કે. મેકવાન | બર્થડે | ૧૦૦૦ |

### આભાર



- શ્રી નિલય ચૌહાણ અને શ્રીમતી મેરેલીન ચૌહાણ કુટુંબ તરફથી પુલ્પિટના ટેબલ માટે ટેબલ ક્લોથ અને પુલ્પિટ માટે ત્રણ ફુલદાની ભેટ આપવામાં આવેલ છે. ખૂબ આભાર.
- સુવર્ણ મહોત્સવ નિમિત્તે આપ સર્વ શુભેચ્છા દાન આપી રહ્યા છો તથા પ્રાર્થના કરી રહ્યા છો તે બદલ આપ સર્વનો પુષ્કળ આભાર. આ કાર્યમાં સાથ-સહકાર તથા પ્રાર્થના ચાલુ રાખશો.
- કમિટી તથા કારભારી સભ્યો દાન એકત્ર કરવાની સેવામાં મદદ કરી રહ્યા છો સર્વનો આભાર.

### નાણાંકીય અહેવાલ ઓગસ્ટ - ૨૦૨૩

**તા. ૦૧-૮-૨૩ ની ઉઘડતી સિલક**

| | | |
|---|---|---|
| | રોકડ | ૩,૦૭૭.૮૮ |
| | બેંકમાં | ૫,૨૦,૫૩૮.૫૯ |
| તા.૩૧-૮-૨૩ ની | આવક | ૧,૭૫,૪૪૨.૦૦ |
| | કુલ | ૬,૯૯,૦૫૮.૪૭ |
| તા.૩૧-૮-૨૩ની | બંધ સિલક | |
| | રોકડ | ૨,૪૭૭.૮૮ |
| | બેંક | ૫,૮૩,૪૮૭.૫૯ |
| તા.૩૧-૮-૨૩ ની | જાવક | ૧,૧૩,૦૯૩.૦૦ |
| | કુલ | ૬,૯૯,૦૫૮.૪૭ |

**શ્રી નિલેશ એસ. ક્રિશ્ચિયન**

ટ્રેઝરર